**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

**પરીપત્ર**

**વિષય : પી.જી./બી.એડ્ સેમ.-૨ અને ૪, યુ.જી. સેમ.-૫(પૂરક) તથા એલએલ.બી. સેમ.-૧ ની પરીક્ષામાં ઈન્ટર્નલ (થીયરી તેમજ પ્રાયોગીક) માર્કસની એન્ટ્રી શરૂ કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિ. સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ તેમજ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, જુલાઇ-૨૦૨૧ દરમ્યાન ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનાર પી.જી./બી.એડ્ સેમ.-૨ અને ૪, યુ.જી. સેમ.-૫(પૂરક) તથા એલએલ.બી. સેમ.-૧ ની પરીક્ષામાં ઈન્ટર્નલ (થીયરી તેમજ પ્રાયોગીક) પરીક્ષાઓનાં માર્કસની એન્ટ્રી માટેની પ્રારંભ થવાની તારીખ તથા પૂર્ણ થવાની તારીખની વિગત નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

| પરીક્ષાનું નામ | એન્ટ્રી પ્રારંભ થવાની તારીખ | એન્ટ્રી પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|
| ૧. પી.જી./બી.એડ્ સેમ.-૨ અને ૪<br>૨. યુ.જી. સેમ.-૫ (પૂરક પરીક્ષા)<br>૩. એલએલ.બી. સેમ.-૧ | ૦૩/૦૭/૨૦૨૧ | ૧૫/૦૭/૨૦૨૧ |

**ખાસ જણાવવાનું કે,**

૧. ઉપર્યુક્ત છેલ્લી તારીખ બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટવેર પ્રોગ્રામ સ્વીકારશે નહી, જે ધ્યાને લેવા વિનંતિ છે.
૨. ઈન્ટર્નલ માર્કસની એન્ટ્રી પૂર્ણ થયા બાદ કોલેજ/કેન્દ્રએ ચેકલીસ્ટની પ્રિન્ટની ખરાઇ કરી લેવાની રહેશે, છેલ્લી તારીખ બાદ સુધારો કરી શકાશે નહી. અને જો ભૂલ આવી હશે તો દંડાત્મક ફી ભરી સુધારો કરવાનો રહશે જેની નોંધ લેવી.
૩. ઈન્ટર્નલ માર્કસના ચેકલીસ્ટ આચાર્યશ્રી તથા વિષય અધ્યાપકશ્રી દ્વારા તેને સર્ટીફાઈડ કરીને વિદ્યાર્થીના ધ્યાને જાણ અર્થે નોટીસ બોર્ડ પર મુક્વાનું રહેશે.
૪. ઈન્ટર્નલ માર્કસની એન્ટ્રી પૂર્ણ થયા બાદ જો કોઇ ભુલ હોય તો જરૂરી સુધારો કરી, ચેકલીસ્ટની પ્રિન્ટ કાઢી તેની ખરાઇ કરી તેમાં આચાર્યશ્રી તથા વિષય અધ્યાપકશ્રીએ સહી સિક્કા કરી તેને સર્ટીફાઈડ કરીને કોલેજનાં રેકોર્ડ ઉપર રાખવાની રહેશે. યુનિવર્સિટીને જરૂરી લાગશે તો મંગાવે ત્યારે તે નકલ પરીક્ષા વિભાગમાં જમાં કરાવવાની રહેશે.
૫. યુનિવર્સિટી દ્વારા પરીણામ જાહેર થયા બાદ કોઇ પણ સંજોગોમાં ઈન્ટર્નલ માર્કસમાં યુનિવર્સિટી દ્વારા ફેરફાર કરી આપવામાં આવશે નહી.
૬. ઈન્ટર્નલ માર્ક્સની એન્ટ્રી દરમ્યાન કોલેજ ના User Name તથા Password અપાયેલ છે તેનો જ ઉપયોગ કરવો અને તે માહિતી લીક ન થાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે જે સવિનય વિદિત થાય.
૭. ઈન્ટર્નલ માર્ક્સની એન્ટ્રી પુર્ણ થયે તેમજ ખરાઇ કરીને ત્યારબાદ જ માર્કસ એન્ટ્રી લોક કરવાની રહેશે. જો માર્ક્સની એન્ટ્રીમાં એકથી વધુ પેજ હોય તેવા સંજોગોમાં તમામ પેજની એન્ટ્રી થયા બાદ જ માર્કસ એન્ટ્રી લોક કરવાની રહેશે.

ઉપર મુજબની જાણ કોલેજના શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓના ધ્યાન ઉપર મુકવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

**ખાસ નોંધ:-**

૧. ઉપરોક્ત કામગીરી માટે નોવેલ કોરોના વાઇરસ COVID-19 અંગે સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.
૨. દરેક કોલેજે ઈન્ટર્નલ માર્કસની એન્ટ્રીકર્યા બાદ તેની પ્રિન્ટ કાઢી કોલેજનાં નોટીસ બોર્ડ ઉપર ફરજીયાત લગાવવાની રહેશે જેથી કરી ને વિદ્યાર્થીઓને પોતાના માર્કસમાં કોઇ ભૂલ જણાય તો કોલેજનાં આચાર્યશ્રીનો સંપર્ક કરી શકે અને તેમાં સુધારો કોલેજ દ્વારા કરી લેવાનો રહેશે ત્યાર બાદ કોઇ સુધારો કરી આપવામાં આવશે નહી જેની નોંધ લેવી.

AHBapodra
OSD
પરીક્ષા વિભાગ

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૦૬૦/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૦૨/૦૭/૨૦૨૧

પ્રતિ,
યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિ. સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ તેમજ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને તરફ...

**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)